શિક્ષક વિશેષ...

## પ્રા. શિક્ષકની કમાલ :

# અરવલ્લીમાં અક્ષર જ્ઞાન સાથે વહેતી સૂરની સરવાણી, બારાક્ષરી સાથે સંગીતના સાત સૂર ભળ્યા

**બાયડ તાલુકાની વાસણી પ્રા. શાળાના વિદ્યાર્થીઓ સંગીતમાં ઓતપ્રોત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સંગીત..માત્ર શબ્દ બોલીએ તો પણ મન અને પગ થનગનવા લાગે. સંગીતમાં એટલી તાકાત છે કે કોમામાં સરી પડેલા દર્દીને પણ



સાજો કરી દે. સંગીતની તલપથી ડિપ્રેશનમાં સરી પડેલા અનેક લોકો બહાર આવી ગયા છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને ભણવાનો કંટાળો આવે આ સમસ્યા દરેક પ્રા. શિક્ષક અને વાલીઓ માટે સમાન છે પરંતુ શિક્ષણની સાથે સંગીતના સૂરની સરવાણી વહે તો..?? આવી શાળામાં અભ્યાસ કરતા બાળકોને ઘર પણ ન સાંભળે, ભૂખ પણ ન લાગે. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની અંતરીયાળ વાસણીરેલ સરકારી પ્રા.શાળાના ડાહ્યાભાઈ જે. ઉપદેશી..પ્રા.શિક્ષકે એવી કમાલ કરી છે કે અક્ષર જ્ઞાન સાથે વહેતી સૂરની સરવાણી, બારાક્ષરી સાથે સંગીતના સાત સૂર ભેળવ્યા છે. સંગીતની શિક્ષકને એટલી ધૂન લાગી છે કે કોઈ મિત્ર કે સંબંધીના ત્યાં મળવા જાય અને હાર્મોનિયમ કે તબલાં જોવા મળે તો સંગીતના સૂર રેલાવી દે. જેના કારણે આસપાસના સંગીત પ્રેમીઓ શિક્ષકને સાંભળવા ટોળે વળે છે. ફુરસદના સમયે ડાયરા કરીને પણ આગવી નામના મેળવી છે.

અરવલ્લીના અનેક સરકારી પ્રા.શાળાના શિક્ષકોએ વિવિધ ક્ષેત્રમાં જવલંત સિદ્ધિ મેળવેલી છે. પરંતુ શિક્ષક છે ને..!! એ માનસિક્તાના કારણે તેની યોગ્ય નોંધ લેવાઈ નથી. પરંતુ સન્માન કરનારા અને સન્માન સમયે સ્ટેજ ઉપર બેસનારા અધિકારી, પદાધિકારીઓએ પણ સમજવું જોઈએ કે તેઓ પણ કોઈ પ્રા.શિક્ષકના કારણે જ આ સ્ટેજ સુધી પહોંચ્યા છે. કડીયાદરા સરકારી પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કર્યો અને પ્રા.શિક્ષક તરીકેની નોકરી મળી. તાલુકાફેરમાં બાયડ તાલુકાની વાસણીરેલ પ્રા.શાળામાં નિયુક્ત થયા. પોતાના માદરે વતન મોડાસાના જંબુસરમાં ભજન મંડળ ચાલતા એટલે શરૂઆતથી જ સંગીતનો શોખ અને સમય મળે એટલે તબલાં અને હાર્મોનિયમ ઉપર હાથ અજમાવવા લાગ્યા. પરિવારના સભ્યો પણ ભજનિક પછી તો મોરનાં ઈંડાં ને ક્યાં ચિતરવાં પડે. પ્રા.શિક્ષક ડાહ્યાભાઈ ઉપદેશીએ શાળામાં આવતાંની સાથે બાળકોમાં સંગીત પ્રત્યેનો લગાવ ઉભો કર્યો. શાળાના બાળકોએ તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો અને સંગીતમાં શાળાનું નામ રોશન કરી દીધું. શાળામાં યોજાતા પ્રાર્થના સંમેલનમાં તમામ બાળકોને જોડ્યા એનું પરિણામ એ આવ્યું કે તમામ બાળકો સંગીત પ્રત્યે રૂચિ દાખવતા થયા. સંગીતની સાથે શિક્ષણ પડ્યું એટલે શાળાના બાળકો સંગીતની સાથે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનથી માંડી અન્ય સ્પર્ધાઓમાં શાળાનું નામ રોશન કરી રહ્યા છે. પ્રા.શાળાના શિક્ષકમાં કલા ખૂંપી ખૂંપીને કુદરતે ભરી છે. ટીવીના અનેક રમુજી કાર્યક્રમોમાં પણ



તેઓએ સંગીત અને હાસ્યાના ફુંવારા રેલાવ્યા છે. કોઈ સબંધીના ત્યાં કે મિત્રના ત્યાં નવરાશની પળે મળવા જાય ત્યારે હાર્મોનિયમ કે તબલાં જોવા મળે તો તૂરત જ શિક્ષક જમીન ઉપર બેસી જઈને સંગીતા સૂર રેલાવતા હોય છે. એટલે જ કહ્યું છે કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા. સંગીતના ઉપાસક ડાહ્યાભાઈ ઉપદેશીનું જિલ્લાના કેળવણીકારોએ યોગ્ય સ્વાગત કર્યું નથી તે સ્વીકારવાની હિંમત દાખવવી પડશે. જિલ્લામાં કોઈ સરકારી કાર્યક્રમ હોય કે પછી કોઈ શિક્ષકના વિદાય સમારંભ હોય ત્યાં ડાહ્યાભાઈ ઉપદેશી હાજર હોય તો સંગીતના સૂર અને હાસ્યના ફુંવારા અવિરત ઉડતા જોવા મળતા હોય છે.

# કોરોના પ્રકોપ : ભિલોડામાં બીજા દિવસે, મોડાસા બજાર રવિવારે સ્વયંભૂ લૉકડાઉન

**પ્રજાની ઓછી અવર જવરથી બપોરે માર્ગો સૂમસામ, આજે ઉમટનારી ભીડથી સંક્રમણ વધવાની દહેશત**






ભિલોડા / મોડાસા, તા.૧૧

કોરોનાના કારણે ખુદ વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉનને અપનાવી રહ્યા છે. ભિલોડામાં શનિવારે વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનને જડબેસલાક બનાવ્યા પછી બીજા દિવસ રવિવારે પણ ધંધા-રોજગાર બંધ રાખી લૉકડાઉનને સફળ બનાવ્યું હતું. મોડાસા બજાર પણ રવિવારે સ્વયંભૂ લૉકડાઉનના કારણે બંધ રહ્યું હતું. માત્ર આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો જ ખુલ્લી રહી હતી. સોમવારે લગ્નસરાની સીઝનના કારણે બજાર ખુલતાં જ ભીડ ઉમટશે જેથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાનો ભય પણ સતાવી રહ્યો છે.

કોરોનાને હરાવવો છે તો સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક જરૂરી હોવા બાબતે પ્રજામાં સ્વયં જાગ્રતતા જોવા મળી છે. હવે વેપારીઓ પણ પોતાનું અને ગ્રાહકનો જીવ ન જોખમાય તે માટે કોરોનાના સંક્રમણને ટાળવા માટે સ્વયંભૂ લૉકડાઉનને પ્રાધાન્ય આપી આંશિક લૉકડાઉન પણ અમલી બનાવવા જઈ રહ્યા છે. ભિલોડામાં રવિવારે સતત બીજા દિવસે વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી કોરોનાને હરાવવાના તંત્રના પ્રયાસને ટેકો આપ્યો છે. મોડાસામાં વેપારી એસોસીએશન અને પાલિકાએ સ્વયંભૂ લૉકડાઉનનું એલાન કરતાં મોડાસાના બજારો રવિવાર સવારથી સંપૂર્ણ બંધ રહ્યા હતા. માત્ર મેડીકલ સ્ટોર્સ, દૂધના પાર્લર ગ્રાહકો માટે ખુલ્લા રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ડૉ.તોફીક એ. પઠાણ
બાયડ, જિ.અરવલ્લી



કિંજલબેન આર. પ્રજાપતિ
મોડાસા

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

**પ્રાયોગિક પરીક્ષાને કોરોના ડંખ**

# ઉત્તર ગુજરાતના ધો.૧૦ની પ્રાયોગિક પરીક્ષા, તા.૧૫ થી ૩૦ એપ્રિલમાં લેવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

વિદ્યાર્થી આંદોલનોઅ ન કર્યું તે કોરોના કરી રહ્યો છે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા ધો.૧૦ ની બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોની પી.ટી., કમ્પ્યુટર, ચિત્ર, સંગીત વિષયની પ્રાયોગિક પરીક્ષા તા.૧૫ થી ૧૭ એપ્રિલ દરમ્યાન શાળા કક્ષાએ લેવાનું આયોજન હતું પરંતુ રાજય સહિત ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિને ધ્યાને રાખી પ્રાયોગિક પરીક્ષા તા.૧૫ થી ૩૦ એપ્રિલ દરમ્યાન યોજવા પરીપત્ર કરવામાં આવ્યો છે જે વિસ્તારમાં સંક્રમણ વધુ છે ત્યાં બોર્ડના આદેશ પ્રમાણે પ્રાયોગિક પરીક્ષા યોજાશે. ઉત્તર ગુજરાતના ૨,૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ મે. મહિનામાં યોજાનારી બોર્ડની પરીક્ષામાં બેસનારા છે.

એપ્રિલ મહિનામાં ગરમીની સાથે કોરોનાનો કહેર વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને બોર્ડ પરીક્ષા

**જે વિસ્તારમાં સંક્રમણ વધુ હશે ત્યાં બોર્ડના આદેશ પ્રમાણે આયોજન, ૨.૧૦ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન**

આપનારા છાત્રોનો સતાવી રહ્યો છે. દર વર્ષે આમ તો માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષાનું આયોજન થતું હતું પરંતુ કોરોનાએ બોર્ડને પરીક્ષા પાછી ઠેલવા માટે મજબૂર કરી દીધા પરંતુ એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે તે જોતાં મે. મહિનામાં પણ બોર્ડની પરીક્ષા યોજાશે કે કેમ..?? તે મુદ્દે અત્યારથી અસમંજસ પ્રવર્તિ રહી છે. જ્યારે ધો.૧૦ ની પ્રાયોગિક પરીક્ષા આગામી ગુરૂવારથી શનિવાર દરમ્યાન યોજાવવાની હતી પરંતુ કોરોનાના ભયાનક સ્વરૂપ પછી વિદ્યાર્થીઓ, શિક્ષકો મોટાપાયે સંક્રમિત થયા છે. સમગ્ર રાજયમાં આવી સ્થિતિ છે આ સંજોગોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ ની પ્રાયોગિક પરીક્ષા તા.૧૫ એપ્રિલથી ૩ દિવસ દરમ્યાન યોજાવવાની હતી તેમાં ફેરફાર કરી પ્રાયોગિક પરીક્ષા તા.૧૫ થી ૩૦ એપ્રિલ દરમ્યાન યોજવાનો નિર્ણય કર્યો છે જે વિસ્તારો અને શહેરો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હશે ત્યાં પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે તેવું પણ આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## પૂજ્ય ભારતીબાપુ બ્રહ્મલીન : જિલ્લાના હજારો ભક્તો શોકમગ્ન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભારતીય આશ્રમના સંત પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮



મહામંડલેશ્વર ભારતીબાપુ બ્રહ્મલીન થતાં રાજ્યના હિન્દુ સંતો-મહંતોમાં શોક છવાયો છે. પૂજ્ય ભારતીબાપુના અનેક ભક્તોમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ભક્તોનો સમાવેશ થાય છે. તેઓએ પરમ પૂજ્ય ભારતીબાપુ બ્રહ્મલીન થયાના સમાચાર જાણી વ્યથિત થયા હતા. અનેક ભક્તોની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. રાજ્યના મુખ્ય રાજકીય પક્ષોના અનેક આગેવાનો પણ પૂજ્ય ભારતીબાપુના શિષ્ય છે તેઓ પણ તેમના બ્રહ્મલીનના સમાચારથી શોકમગ્ન બન્યા હતા.

## કોરોના ઈફેક્ટ : વાહનોથી ધમધમતા હાઈવે પર ટ્રાફિક ઓછુ

ધનસુરા, તા. ૧૧


કોરોના ઈફેક્ટ થી ધનસુરા માંથી પસાર થતા હાઈવે પર વાહનો ની અવરજવર ઘટી છે વાહનોથી ધમધમતા હાઈવે પર ટ્રાફિક ઓછુ દેખાઈ રહ્યું ધનસુરા માંથી પસાર થતા નડિયાદ અને મોડાસા ને જોડતા હાઈવે પર વાહનો ની ઘટ છે આ ઉપરાંત ધનસુરા અમદાવાદ રોડ પર પણ વાહનો ઓછા છે હાલમાં કોરોના અને ગરમી ને લઈ લોકો બપોર બાદ બહાર નથી આવતા અને વેપાર ધંધા ને પણ અસર થઈ છે જેને લઈ લોકો કોરોના માં બહાર નથી આવતા અને બપોર બાદ રોડ પર ટ્રાફિક ઓછું દેખાય છે ધનસુરા માંથી પસાર થતા હાઈવે પર ભારે વાહનોની અવરજવર વધુ રહે છે હાલમાં કોરોનાને લઈ વાહનો રોડ પર ઓછા થયા છે

# ધનસુરા કોર્ટ ખાતે રસીકરણનો કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૧૦

ધનસુરા કોર્ટ ખાતે રસીકરણ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વકીલો તથા ધનસુરા બાર કાઉન્સિલ ના પ્રમુખ નિલેષ જોષી સહિત સ્ટાફે રસી મુકાવી હતી ધનસુરા તાલુકા માં હાલ કોરોનાને લઈને વિવિધ જગ્યાએ રસીકરણ કરવામાં આવી રહ્યું છે જેમાં ૧૭૦૦૦થી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે જેમાં ૬૦ વર્ષ થી ઉપર ના ૫૦૦૦ અને ૪૫ થી ૬૦ વર્ષના ૧૨૦૦૦ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે

# બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં બજારો બંદ : ગામડાના લોકો ફરકયા જ નહી






પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિન પ્રતિદીન વધતા જતા. પાલનપુર, ડીસા સહિતના શહેરોમાં વેપારીઓ દ્વારા કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે સ્વયંભૂ બંધ પાળવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં શનિવાર અને રવિવારે પાલનપુર શહેરને સજ્જડ બંધ રાખવાનો વેપારીઓએ નિર્ણય લીધો હતો. જેમાં બંધના નિર્ણયને લઈ શનિવારે પાલનપુર શહેરના તમામ વેપારીઓએ વેપાર ધંધા બંધ રાખી દુકાનો બંધ રાખી હતી. પાલનપુરમાં જાહેરમાર્ગો ની ક્યાંક દુકાન ચાલુ જોવા મળી હતી.તેથી માત્ર ગણ્યા ગાંઠ્યા વાહનોની અવર જવર વચ્ચે રસ્તાઓ પણ સુમસામ જોવા મળ્યાં હતા. આમ પાલનપુર શહેરમાં કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે લેવાયેલા સ્વયંભુ બંધ ના નિર્ણયને સારો પ્રતિસાદ મળ્યો.

# ડીસા અગ્રવાલ મહિલા મંડળનું અનુકરણીય કદમ: વધુ એક વિધવા માતાની કન્યાને આપ્યું કરિયાવર

ડીસા, તા. ૧૧

કોરોના સંક્રમણના કપરા સમયમાં લોકો ખૂબ આર્થિક મુશ્કેલી ભોગવી



પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે ત્યારે અગ્રવાલ મહિલા મંડળ ,ડીસા દ્વારા પુનઃ સમાજમાં અનુકરણીય કાર્ય કરવામાં આવ્યું છે.વિશ્વકર્મા નગર રેલવે સ્ટેશન ડીસામાં રહેતા વિધવા નર્મદાબેન લોધા છૂટક મજૂરી કરી પોતાના પરિવારનું માંડ જીવન નિર્વાહ ચલાવે છે. તેમની દીકરી પાયલ જે ઘરે સિલાઈ કામ કરી માતાની મદદ કરે છે. પાયલના લગ્ન ૪/૫/૨૦૨૧ ના રોજ નિર્ધાર્યા છે અને તેને મદદ કરવા માટે કાંતીલાલ લોધા (પત્રકાર) એ અગ્રવાલ મહિલા મંડળને અંગુલી નિર્દેશ કર્યો હતો. તેથી મંડળની સેવાભાવી બહેનોએ પાયલને સાડી ૮, લગ્નની ચણિયાચોળી, ડ્રેસ ૮, કોસ્મેટીક, બ્લેક્રેટ, હાથ ઘડિયાળ, દિવાલ ઘડિયાળ અને ઘરવખરીનો સામાન આપી માનવસેવાનું ઉત્તમ અને અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. દીકરીને આ સામાન આપવામાં આવતા તે ભાવવિભોર બનતા તેના ચહેરા ઉપર સ્પષ્ટ ખુશી દેખાઈ રહી હતી. મહિલા મંડળે અગાઉ પણ એક ઘરકામ કરતી દીકરીને કરિયાવર આપ્યું હતું. તેથી મહિલા મંડળની સેવાની સુવાસ ચોમેર મહેંકી ઉઠી છે.

# પ્રાંતિજના સ્વાગત સોસાયટીમાં વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો

**સોસાયટીના રહીશો સહિત આજુબાજુના લોકોએ વેક્સીનનો લાભ લીધો : સોસાયટીના રહીશોએ વેક્સીન લઈ અન્ય લોકોને રસી લેવા અનુરોધ કર્યો**

પ્રાંતિજ તા.૧૧

એક બાજુ કોરોનાએ ફરી માથુ ઉચકયુ છે તો બીજીબાજુ સરકાર દ્વારા ૧૦૦ ટકા કોરોના મુકત કરવાના અભિયાન અંતર્ગત વેક્સિનેશન ની કામગીરી પણ જોર સોર મા ચાલે છે ત્યારે પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ સ્વાગત સોસાયટીના રહીશોએ રસીનો ડોઝ લઈ ને અન્ય લોકોને રસી લેવા અનુરોધ કર્યો હતો.



કોરોનાએ ફરી હાહાકાર મચાવ્યો છે અને દેશ સહિત ગુજરાત મા કેસોનો રાફડો ફાટયો છે ત્યારે બીજીબાજુ સરકાર દ્વારા કોરોના સામે રક્ષણ મળે તે માટે વેક્સિનેશન કાર્યક્રમ પણ કરવામા આવી રહ્યા છે અને ઠેરઠેર લોકોને ધરે-ધરે કે સોસાયટીઓમા તથા સંસ્થાઓ સોસાયટીઓના સહયોગ દ્વારા કોરોનાની વેક્સિન આપવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ સ્વાગત સોસાયટી ખાતે પણ વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો હતો જેમા સોસાયટીમા રહેતા મોટાભાગ ના લોકોએ કોરોના વેક્સિન નો ડોઝ લીધો હતો અને વેક્સિનનો ડોઝ લઈ ને અન્ય લોકોને પણ વેક્સિન લેવા અનુરોધ કર્યો હતો તો સોસાયટીમાં રહેતા રાજુભાઈ મોદી, હિતેશભાઈ મોદી, દામજીભાઈ કરછી, હસમુખભાઈ પટેલ સહિત સોસાયટીના લોકો દ્વારા સુદર આયોજન કરવામા આવ્યુ હતુ અને સોસાયટીમા સોશિયલ ડીસટન સાથે સોસાયટીના રહીશોને રસી આપવામા આવી હતી તો આરોગ્ય કર્મચારીઓની કામગીરી પણ પ્રશંસનીય કામગીરી જોવા મળી હતી.

## ડીસામાં 'સ્ત્રી સમાજ' દ્વારા કોરોના રસીકરણ કેમ્પ યોજાયો

**કોરોના બિમારીથી બચાવનું અમોઘ શસ્ત્ર એટલે રસીકરણ**




ડીસા, તા. ૧૧

ડીસાની જનતા માટે સેવાકીય કાર્યોને સમર્પિત એવી "સ્ત્રી સમાજ" ની સંસ્થાએ "ડીસા તાલુકા હેલ્થ કચેરી - અર્બન હેલ્થ સેન્ટર-૧" ના સહયોગથી રીસાલા બજારમાં આવેલ 'સ્ત્રી સમાજ ભવન' ખાતે કોરોના વેક્સીનેશન માટેનો કેમ્પ આયોજીત કર્યો હતો.જેનો ૮૬ લોકોએ લાભ લીધો હતો. જેમાં પ્રોજેક્ટ ચેરમેન ડો. રીટાબેન પટેલ સાથે ડો. કીશોરીબેન,ભારતીબેન અને નીમાબેન દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી .સ્ત્રી સમાજના પ્રમુખ રીટાબેન મહેશ્વરી તથા મંત્રી હેમાબેન પરમાર સહિત સંસ્થાના હોદ્દેદારો અને સભ્યોએ પ્રોત્સાહક હાજરી આપી હતી અને સૌએ રસી કોરોનાથી બચવાનું અમોઘ શસ્ત્ર છે તેથી ડીસાવાસીઓને સત્વરે રસી લેવાની અપીલ પણ કરી હતી.

## પ્રાંતિજ ઓવરબ્રીજ પાસે સ્કુટીમાં આગ લાગતા સ્કુટી બળીને સ્વાહા

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના નેશનલ હાઈવે આઠ ઓવરબ્રીજ પાસે સ્કુટી મા આગ લાગતા સ્કુટી આગમાં બળીને સ્વાહા થઈ ગઈ હતી.



પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ હિંમતનગર થી અમદાવાદ તરફ જતી સ્કુટી અચાનક બંધ થતા અને અંદર થી ધુમાડો નિકળતા સ્કુટી માલિક દિનેશભાઈ દ્વારા સ્કુટી રોડ ની સાઈડ મા ઉભી રાખી તેમના પત્ની અને બાળક ને સાઈડ મા ઉભા રાખી ને પાસે આવેલ યોગેશ્વર સોસાયટી મા પાણી લેવા ગયા અને એટલા માતો જોત જોતામા આગે ઉગ સ્વરૂપ ધારણ કરતા આગ મા સ્કુટી બળીને સ્વાહા થઈ ગઈ હતી તો બુમાબુમ થતા આજુબાજુમાથી લોકો દોડી આવ્યા હતા જયારે આગ એટલી ભયંકર હતી કે જોત જોતામા સ્કુટી બળી ને સ્વાહ થઈ ગઈ હતી તો હિંમતનગર થી અમદાવાદ તરફ જઈ રહેલ પરિવાર પતિ પત્ની અને પુત્ર નો આબાદ બચાવ થયો હતો.

## અવસાન નોંધ...



બાયડ : બાયડના (મૂળ રહે. રડોદરા) ચંદ્રકાન્ત પંડ્યા, સ્વ.નરેન્દ્રભાઈ પંડ્યાના ભાઈ ભાલચંદ્રભાઈ કાળીદાસ પંડ્યાનું નિધન થયેલ છે.